સલામી સવારની..

કૌભાંડના કુંડાણમાં જેના પગ ન પડ્યો હોય !
ભલામણ ને વગના ઉપયોગ પણ કર્યો ન્હોય !
લીધો ન હોય લાભ પદની સત્તામાં હોય છતાં -
સત્ય અને સિદ્ધાંતનો કદી સાથ છોડ્યો ન હોય !
('શ્રેષ્ઠ વિધાન સભ્ય'નાં લક્ષણ)

'જન-સેવા'ના -
સ્પષ્ટ હેતુથી માત્ર -
લડે ચૂંટણી...

સત્તા ના સ્વાર્થે
જેણે મારી ન હોય -
કદી ગૂંલાટ...

(શ્રેષ્ઠ વિધાન સભ્યનું સન્માન કોને મળે?)

ચિંતન

સર્પા પિબન્તિ પવનમ્ ન ચ દુર્બલાસ્તે, શુષ્કૈ તૃણે વનગજા બલિનો ભવન્તિ ।
કંદૈઃ ફલૈ મુંનિવરાઃ ક્ષાપયન્તિ કાલમ્, સંતોષમેવ પુરુષસ્ય પરમ નિધાનમ્ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલિમાંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં સંતોષનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. સંતોષ જ પરમ ધન છે.

સર્પ માત્ર પવન પીવે છે, છતાં તે નબળો પડતો નથી, વનમાં મુક્ત ફરતા હાથીઓ સૂકું ઘાસ ખાય છે. છતાં એટલો જ બળવાન હોય છે, સંત મહાત્મા તપોવનમાં માત્ર કંદમૂળ-ફળ ખાઈને જીવન જીવે છે. સાચું પૂછો તો જીવનમાં સંતોષ જ પરમધન છે. પરમ બળ-શક્તિ-તાકાત છે. ખોરાકનું બહુ મહત્ત્વ નથી.

અસંતોષ અને જીવન પ્રત્યે અસલામતીના ભયે ધનસંગ્રહ કરવામાં ઘણા પાછું વાળીને જોતા જ નથી. એવા લોકો જીવનને સાચા દષ્ટિકોણથી જોઈ જ શકતા નથી. સંત તુલસીદાસજીએ પણ એક સાખીમાં કહ્યું છે, 'ગૌધન, રજધન, ઔર રતન ધન ખાન, જલ બિલે સંતોષ ધન સબધન ધૂલ સમાન.'

સુવિચાર

- એક એ છે જે ગણ્યા વગર આપે છે,
  એન એક આપણે છીએ કે જે એનું નામ પણ ગણી ગણીને લઈએ છીએ - **ધર્મલોક**
- ઈશ્વર આંખથી ભલે ન દેખાય, નિર્મળ બુદ્ધિવાળો હરકોઈ માનવી, ઈચ્છે તો,
  હૃદયથી તેને અનુભવી શકે છે - **પરિક્ષિત સાહની**
- આ દુનિયામાં એવું કોઈ તાળું નથી કે જેની ચાવી ન હોય,
  બસ દરેક તકલીફોને તકમાં ફેરવી નાખો - **હરકાંત મહેશ્વરી**
- બુદ્ધિ તકરાર કરાવે છે, જયારે હૃદય એકરાર કરાવે છે - **બોધિ વૃક્ષ**
- જેવી રીતે ભીતર અગ્નિ કમજોર હોય તો ભોજન પચતું નથી,
  તેવી જ રીતે ભીતર લગની ન હોય તો સત્સંગની ત્તો પચતી નથી - **મોરારિ બાપુ**
- પ્રકૃતિ પરમાત્માનો જીવંત દશ્યમાન પોષાક છે - **ગોઈથે**
- આજનું ઔષધ : પપૈયાના લીલા પાનને ઉકાળીને આ પાણી સવાર-સાંજ પચાલ મીલી પીવાથી વજન ઘટવામાં મદદરુપ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જીંદગીમાં સ્વયં પર આધારિત રહેવું સારી વાત છે. પણ જીંદગીમાં ફક્ત પોતાની પર આધારિત (વધુ પડતો આત્મવિશ્વાસ) સારી વાત નથી. ગાય ચરતાં ચરતાં જંગલમાં ભૂલી પડી ગઈ. જંગલમાં સિંહ તેની પાછળ પડ્યો એટલે તે નદીમાં ઉતરી ગઈ. એ નદીમાં કાદવ વધુ અને પાણી ઓછું હતું. સિંહ પણ શિકાર માટે ગાય પાછળ પડ્યો. હવે બન્યું એવું કે ગાય પણ એ કાદવમાં ફસાઈ ગઈ અને થોડે દૂર સિંહ પણ ફસાઈ પડ્યો. હાલત એવી થઈ કે બેમાંથી એક પણ બહાર નીકળી શકે તેમ ન હતા. ગાયે સિંહને પૂછ્યું, 'શું તમારું કોઈ માલિક કે ગુરુ છે ?' સિંહે કહ્યું 'હું જ અહીંનો રાજા છું અને હું જ અહિંનો માલિક છું.' ગાયે કહ્યું, 'તમારા રાજા હોવાનો ફાયદો શું ? તમે અહિંથી નીકળી શકતા તો નથી.' સિંહે કહ્યું, 'તું પણ ફસાઈ ચૂકી છો પણ તું આવું મને શું કામ પૂછે છે ?' ગાયે કહ્યું, 'હવે સાંજે મારો માલિક ઘરે જશે તેને ખ્યાલ આવશે કે ગાય પહોંચી નથી તો એ મને શોધવા માટે આ તરફ જરૂર આવશે અને મને બચાવીને ઘરે સલામત પહોંચાડશે... તમે જોઈ લેજો.' થોડીવારમાં ગાયને શોધતો એનો માલિક આવે છે પહેલાં સિંહને જોઈને ગભરાઈ જાય છે પણ તે ધીરેથી ગાય નજીક જઈને ગાયને મહેનત કરી બહાર લાવી દે છે. ગાય અને માણસ બહાર નીકળીને વિચારે છે કે કાશ અમે સિંહને પણ મદદ કરી શકત. પણ સિંહને મદદ કરી શકવું શક્ય નહોતું કેમ કે જો સિંહને બહાર કાઢવા જાય તો બેયનો શિકાર સિંહ કરી લે. ગાય એટલે આપણું હૃદય. જો આપણે હૃદય, અને કરુણા રાખીએ તો તે સારું જીવન શક્ય બને. સિંહનો મતલબ આપણી બુદ્ધિ આપણો અહંકાર. જો એવું વિચારો કે મારા સિવાય કોઈ મજબૂત હોઈ જ ન શકે તો પતન નક્કી છે.

જાહેરજીવનમાં મૂલ્યનિષ્ઠા જરૂરી

તંત્રીસ્થાનેથી...

કોણ જાણે છેલ્લા બે-અઢી દાયકાથી રાજકીય અગ્રણીઓએ જાહેરજીવનનાં મૂલ્યો નેવે કેમ મૂકી દીધાં હશે ! છાશવારે અંદરોઅંદરની ખટપટો, અંગત મહત્ત્વાકાંક્ષાઓ અને પરસ્પર પ્રત્યેના અવિશ્વાસની ઘટનાઓ બનતી રહે છે. કયારેક રાજકીય અગ્રણીઓ પ્રત્યે પ્રજા કેટલી શ્રદ્ધાથી જોતી હતી ! આજે શ્રદ્ધાની જગ્યા નફરતે લઈ લીધી છે. રાજકારણ એ બધા ધંધાઓમાં નિષ્ફળ ગયેલા બદમાશોનું આશ્રયસ્થાન છે - એ મતલબની જાણીતી અંગ્રેજી ભાષાની ઉક્તિ ગાંધીના હિંદુસ્તાન અને ગુજરાતમાં સાચી ઠરી રહી છે. દિલ્હીનાં કોમી રમખાણો પણ ૨૦૦૨નાં અને તે પહેલાનાં ગુજરાતનાં રમખાણો તથા શીખોના નરસંહારની હૃદયદ્રાવક ઘટનાની જેમ અમુક રાજકારણીઓ દ્વારા ભડકાવાયાં હતાં એ વિશે કોઈ શંકા રહી નથી. રાજકીય પક્ષોના આગેવાનો હંમેશા પોતે અણિશુદ્ધ, દૂધે ધોયેલા હોવાનો દાવો કરતા રહે છે અને સામા પક્ષવાળાઓના માથે આળ ચડાવતા રહે છે. પ્રજા એમનાં જુઠ્ઠાણાંથી વાજ આવી ગઈ હોવા છતાં મૂક પ્રેક્ષક બની રહે છે કારણ કે એ જ પ્રજાને ફોસલાવી પટાવીને ચૂંટણી જીત્યા હોય છે. ગુજરાતનું પ્રમાણમાં ચોખ્ખું ગણાયું રાજકારણ ડહોળવાનું પહેલું પાપ ખુદ મોરારજી દેસાઈ જેવા ચોખલિયા નેતાના ફાળે જાય છે. એમને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા બળવંતરાય મહેતા જૂથના કોંગ્રેસીઓને સમર્થન આપ્યું હતું. એક ભલાભોળા, પ્રજાનિષ્ઠ નેતાનો અધવચ્ચે ભોગ લેવાનો હતો. એ પરંપરા ચીમનભાઈ પટેલે વિક્રમ નોંધાવ્યો અને ઘનશ્યામ ઓઝાનો ગરાસ છીનવાયો. ચીમનભાઈને હાઈકમાંડે નવનિર્માણ આંદોલન કરાવીને કાઢ્યા હતા. કેશુભાઈ પટેલ વિરુદ્ધ એમનાં જ અડીખમ સાથી શંકરસિંહ વાઘેલાએ બંડ પોકાર્યું હતું. નરેન્દ્ર મોદીએ આ બેઉ સિનિયર નેતાઓને એમના કદ મુજબ વેતરી નાખી ગુજરાતની અને તે પછી દિલ્હીની ગાદી સર કરી છે. આનંદીબેન મોદીનાં પ્રીતિપાત્ર મુખ્યમંત્રી હતા પરંતુ અમિત શાહનું જૂથ વધુ તાકાતવાળું પુરવાર થયું એથી વિજયભાઈ રુપાણી જેવા નિર્દોષ નેતાને રમતમતમાં મુખ્યમંત્રીપદ મળી ગયું. નીતિન પટેલ 'નંબર ટુ' પરથી 'નંબર વન' સુધી પહોંચી ન શક્યા એનો અસંતોષ અવારનવાર એક યા બીજા મંચ પર રજૂ થતો રહ્યો છે. તાજેતરમાં ઉમિયાધામના ખાતમુર્હૂત પ્રસંગે એમણે કદાચ ફંડ સંદર્ભે જ કરેલ વિધાનને ચર્ચાની ચકડોળે ચડાવાયું છે. 'હું બધા સામે એકલો ઊભો છું' - એવી વ્યથા પર મલમપટ્ટી લગાવવા કોંગ્રેસી ધારાસભ્યોમાં હોડ મચી ગઈ છે. 'નીતિનભાઈ, તમે એકલા નથી : અમે તમારી સાથે છીએ. પંદર ધારાસભ્યોને ફોડી લાવો, અમે તમને મુખ્યમંત્રી બનાવી દઈએ!' - આ પ્રકારના વિધાન ભલે મજાકમાં કહેવાયાં હોય તો પણ જાહેરજીવનના અગ્રણીઓના મોઢે શોભતાં નથી. ખુલ્લખુલ્લાં પક્ષપલટા કરાવી રાજયસભાની બેઠકો જીતવી, વિધાનસભાની ચૂંટણી વખતે સામે ભીંત પરના અક્ષરોની જેમ વંચાતી હારને જીતમાં બદલી નાખવી - એ બધા રાજકીય કાવાદાવા રાજકારણનો ગંદવાડ જ ગણાય. રાજયસભાની બેઠકની ચૂંટણી વખતે પોતાના ધારાસભ્યોને ઘેટાંબકરાંની જેમ દૂર, બીજા પ્રદેશમાં અજાણ્યા સ્થળે પૂરી રાખવા તે એમના પ્રત્યેનો અવિશ્વાસ નથી તો બીજું શું છે ? ખરીદવેચાણ સંઘ જેવું બની ગયેલું રાજકારણ પ્રજાને સુગાળવું ન લાગે તો જ નવાઈ. કોંગ્રેસીઓ પોતાના બળ પર સત્તા નથી મેળવી શકતા અને નીતિનભાઈને પક્ષપલટો કરાવી મુખ્યમંત્રી બનવાની ઓફર કરે છે ત્યારે એ ગાંધી-સરદાર અને નહેરુની વિચારસરણીની જોજનો વેગળા પડી ગયેલા વામણા સત્તાલાલચુઓ જ લાગે. પ્રમાણમાં શિસ્તબદ્ધ રહેલો ભારતીય જનતા પક્ષ પણ કોંગ્રેસી ધારાસભ્યોને લલચાવી, ફોસલાવી કે ખરીદીને એનો ચળકાટ ગુમાવી જ ચૂક્યો છે. એ હવે 'પાર્ટી વિથ ડિફરંસ' નથી રહ્યો.

...મારી બરોબરી કરવાની કોશિશ કરે છે

સચિવાલયમાં મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ઉચ્ચ અધિકારી પદે રહી ચૂકેલા હરિવદન ભાઈ નિવૃત્તિ બાદ છેલ્લે બે વર્ષથી તેમના પત્ની સાથે સર્વોદય સોસાયટીમાં રહેવા આવેલ હતા. તેમના વાક્ચાતુર્ય અને મધુર તેમજ મિલનસાર સ્વભાવને કારણે બહુ જલ્દી સોસાયટીમાં તેઓને બધા ઓળખવા લાગ્યા હતા. તે રીતે તેઓ સૌ માટે જાણીતા થઈ ગયા હતા. તેઓ આખી સોસાયટીમાં સૌના સુખ-દુઃખમાં હંમેશા રેક પ્રસંગે તેમના પત્ની હંસાબેન સાથે ઉત્સાહ પૂર્વક ભાગ લેતા અને સારા-માઠાં પ્રસંગે સૌને મદદરુપ થતા તેથી તેમનું માન આદર સૌ જાળવતા હતા.

આ વખતે મહિલા દિવસ નજીક આવતો હોઈ સોસાયટીના વરિષ્ઠ નાગરિકો એ ઉત્સાહી યુવાનોની મદદથી સોસાયટીના બગીચામાં એક કાર્યક્રમ યોજવાનો વિચાર કર્યો હતો. તેમાં હરિવદનભાઈને મળીને આ કાર્યક્રમના અધ્યક્ષ બનાવાની સૌએ વિનંતી કરી. અંદરથી ખુશથતા અને બહારથી સંકોચ વ્યક્ત કરતા હરિવદનભાઈએ તેમના આગ્રહનો સ્વીકાર કર્યો.

મહિલા દિવસના આયોજિત આ કાર્યક્રમમાં સૌ પહેલાં નાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના અને પછી એક સુંદર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. તે પછી મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત સમાજ સેવિકા નિમિષા બહેને સ્ત્રીઓને સશક્તિકરણ અને સમાજમાં પોતાનું આગવું મહત્ત્વ ઊભું કરવા અંગે ખુબ જ સુંદર વ્યાખ્યાન આપ્યું.

તે પછી અધ્યક્ષપદે પધારેલા હરિવદનભાઈએ પહેલાં શાલ ઓઢાડી નિમિષા બહેનનું સન્માન કર્યું. પછી પોતાના મજેદાર ભાષામાં સ્ત્રીઓની મહાનતાના વખાણ કરી સ્ત્રી-પુરુષ સમાનતા પર ભાર દેતાં સભામાં ઉપસ્થિત જન સમુહને દીકરા-દીકરીની ઉન્નતિ માટે સમાન તકો આપવાનો જોરદાર આગ્રહ કર્યો. જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવ્યો. કાર્યક્રમ પુરો થયા પછી ઘણા દિવસો સુધી લોકો તેમના ઘેર જઈને તેમનાં વકતવ્યનાં વખાણ કરતાં થાકતા ન હતા. અને આ કાર્યક્રમની સફળતા માટે તેમને ખુબ ખુભ અભિનંદન પાઠવતા હતા. તેમની વધતી લોકપ્રિયતાને લીધે, તેમના પત્ની હંસાબેન પાસે પણ સોસાયટીની સ્ત્રીઓની અવરજવર વધી ગઈ હતી.

હરિવદન ભાઈને સવાર-સાંજ રોજ વોક કરવાની આદત હતી. તે સવારે વહેલે ઊઠી ચાલવા નીકળી પડતા અને રાતે આઠ વાગ્યે જમ્યા પછી અમુક સમય ચોક્કસપણે ચાલવા નીકળતા અને રાતે દશ વાગ્યા સુધીમાં સુઈ જતા. જેથી હંસાબેનને પણ પોતાના કામો આટોપી લેવાનો સમય મળી જતો હતો.

તે દિવસે સાંજે હંસાબેન જમવાનું બનાવીને પતિને પિરસવા જતા હતા તેવામાં કેટલીક સ્ત્રીઓ આવી ગઈ. તે આવતા ગુરુવારે પોતાને ઘેર રાખેલ ભજન અને આનંદના ગરબામાં હંસાબહેનને આવવા માટે નિમંત્રણ આપવા આવી હતી. તેઓ મુક્તકંઠે બે દિવસ પહેલા ઉજવાયેલા મહિલા દિવસના કાર્યક્રમમાં હરિવદન ભાઈએ આપેલા ભાષણની પ્રશંસા કરતી હતી. એ તો ખરું જ ને કે જયાં ચાર સ્ત્રીઓ ભેગી થાય ત્યાં વાતો કંઈક લાંબી જ ચાલે. રાતે સાડા નવે હંસાબેનને તેમને વિદાય કરી અંદ આવ્યા. ત્યાં સુધીમાં ભૂખ અને ગુસ્સાને કારણે હરિવદન ભાઈનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો.

ખુબ જ ખશ થતાં હંસાબહેન આગંતુક સ્ત્રીઓની વાતો અને કારણે અંગે વાત કરવા જતા હતાં ત્યાં હરિવદન ભાઈએ જોરથી કહ્યું, 'પેલી બધી બૈરીઓ તારીમાં થતી હતી? તને કંઈ ખબર પડે છે રાતના દસ વાગવા આવ્યા છે?'

ખુબ જ ખુશ હંસાએ કહ્યું, એમાં બુમો શાની પાડો છો? હમણાં પિરસું છું. પાડોશી સ્ત્રીઓ સાથે વાત કરવામાં સહેજ મોડું થઈ ગયું તેમાં એવો કયો પહાડ તૂટી પડ્યો છે ? તમે તો સોસાયટીના નાકે કલાકો સુધી બાંકડે બેસીને ચર્ચા કરતા રહો છો, મેં તો કયારેક કંઈ...

હંસાબેનની વાતને વચ્ચે જ કાપી નાંખતા નજીકમાં પડેલ ચંપલ ઉઠાવી જોરથી તેમની તરફ ફેંકતા હરિવદને ત્રાડ નાંખી, 'હરામખોર મારી બરોબરી કરવાની કોશિશ કરે છે.'

લોકોના વ્યવહાર અને વર્તન થકી અનેક યુગલો અને સમાજ ખંડીત થતો રહ્યો છે

એક દિવસ ઋષી વાલ્મીકી તમસા નદીને કિનારે વિચારમગ્ન થઈને ટહેલી રહ્યા હતા. એ સમય ક્રૌંચ નામનાં પક્ષીનું યુગલ (કુંજલડી) પ્રણયક્રીડા કરી રહ્યું હતું. ઋષી વાલ્મિકીની નજર એ યુગલ પક્ષી તરફ ગઈ. એ જ સમયે એ યુગલ પક્ષી ઉપર કોઈ એક શિકારીએ તીર છોડયું. શિકારી દ્વારા છોડાયેલું એ તીર એ પક્ષી યુગલનાં નર પક્ષીને વાગ્યું અને એ વિંધાઈ ગયું. તીરથી વિંધાયેલું નરપક્ષી લોહીથી લથબથ થઈ ગયું, તરફડવા લાગ્યું અને થોડી જ વારમાં તેનું પ્રાણપંખેરૂ ઊડી ગયું. નરપક્ષીની હાલત જોઈને માદા પક્ષી ચિત્કાર કરવા લાગ્યું. તીરથી વીંધાયેલા નરપક્ષીનું અને પછી તેના વિરહમાં માદા પક્ષીનું આક્રંદ સાંભળીને ઋષી વાલ્મિકીનું હૃદય પણ વિંધાઈ ગયું, તેમનું હૃદય દ્રવી ઉઠ્યું. આ દ્રશ્ય જોઈને ઋષિનો પુણ્યપ્રકોપ પ્રગટ થઈ ઉઠયો અને તેમનાં મુખમાંથી નીચેના કરૂણ પણ કાવ્યાત્મક ઉદગારો નીકળી પડયા.

મા નિષાદ પ્રતિષ્ઠામ ત્વગમઃ શાશ્વતી સમાઃ
યત ક્રૌંચમિથુનાદેકં અવધીઃ કામમોહિતમ
(વાલ્મિકી રામાયણ, બાલકાંડ સર્ગ-૨ શ્લોક-૧૫)

અર્થાત, નહીં, નહીં નિષાદ! અનંત સમય સુધી તું જીવનમાં કદી પણ ઠરીઠામ નહીં થાય કારણ કે તેં પ્રણયમાં તલ્લીન એવા ક્રૌંચયુગલમાંથી એકની હત્યા કરી છે. (અનુવાદ કવિશ્રી ઉમાશંકર જોષી)

પક્ષીનાં શોકથી દ્રવી ઉઠેલા વાલ્મિકી ઋષીનાં મુખમાંથી ઉદગારો નીકળ્યા પછી તેમને પોતાને પણ પોતાના ઉદગારો થકી આશ્ચર્ય થયું. એ સમયે તેમની સાથે ઉભેલા ભારદ્વાજ ઋષિને વાલ્મિકીએ કહ્યું "કિમિદમ વ્યાહતતં મયા!" અર્થાત "મેં આ શું કહી નાંખ્યું!" ઋષી ભારદ્વાજે ગુરુની કાવ્યાત્મક અનુભૂતિની પ્રશંશા કરી, તેને ટેકો આપ્યો તેથી ગુરુ વાલ્મિકીને થોડો સંતોષ થયો. ક્રૌંચપક્ષીનાં વધથી ઉદ્દભવેલો આ કાવ્યાત્મક શ્લોક રામાયણ જેવા મહાન ગ્રંથ, મહાકાવ્ય માટે પ્રેરણાબળ બની રહ્યો, કહો કે પ્રારંભ બની ગયો.

તમસા કિનારે પ્રણયક્રીડા કરતું એ પક્ષીયુગલ "કામમોહિતમ" હતું. એ પક્ષીયુગલ પ્રણયમગ્ન હતું, એકબીજામાં તલ્લીન હતું, એકબીજામાં ઓતપ્રોત હતું. બંને જાણે એકત્વમાં ઓગળી ગયા હતા. એ જ સમયે કોઈ એક શિકારીએ નરપક્ષીનો શિકાર કરીને એ પક્ષીયુગલને વિખૂટું પાડી દીધું. માદાપક્ષી એકલું પડી ગયું અને નરપક્ષીનાં વિરહમાં આક્રંદ કરતું રહ્યું. એ માદાપક્ષી કદાચ જીવનભર એ પીડા ભોગવતું રહ્યું હશે. નિર્દોષ પક્ષીયુગલ ઉપર તીર છોડવાથી એ શિકારીને શું ફાયદો થયો હશે? કદાચ એક ટંકનું ભોજન, કદાચ તીરથી નિશાન લાગવાથી તેનો અહં પોષાયો હોય, કદાચ શોખ પૂરો થવાની ખુશી, કદાચ વિકૃત આનંદ, આ સિવાય કશું જ નહીં. શિકારીનાં તીર છોડવાથી એ પક્ષીયુગલની શું દશા થઈ? એક પક્ષીએ જાન ગુમાવી, બીજા પક્ષીને વિરહની વેદનાનો જીવનભરનો જુરાપો. એ ક્રૌંચવધ થકી ઋષી વાલ્મિકીનાં હૃદયમાંથી પણ ટીસ ઉઠી હતી. વાલ્મીકીની સાથે સાથે તેમની આસપાસ રહેતા અન્ય ઋષિઓ, શિષ્યો કે લોકજનો જેમણે પણ આ દ્રશ્ય જોયું હશે તેઓનાં મુખમાંથી પણ કદાચ વાલ્મીકી જેવા જ ચિત્કારો ઉઠ્યા હશે જે સાંભળનારું કદાચ ત્યાં કોઈ જ નહીં હોય.

રામાયણનો એક બીજો પ્રસંગ પણ સર્વ વિદિત છે. રાણી કૈકેયીએ રાજા દશરથને બે વચનો યાદ કરાવ્યા અને તાબડતોડ, રાતોરાત એ વચનો માંગી પણ લીધા. પિતાશ્રીએ આપેલા વચનને પાળવા માટે શ્રીરામ સીતાજી અને લક્ષ્મણજી સાથે ચૌદ વર્ષ માટે વનમાં ચાલ્યા ગયા. પોતે આપેલા વચન થકી શ્રીરામ વનમાં ચાલ્યા ગયા તેનો આઘાત દશરથને લાગ્યો. એ આઘાત જીવલેણ નીકળ્યો અને રાજા દશરથ મૃત્યુ પામ્યા. રાણી કૈકેયીએ આ રીતે કરેલો રાજા દશરથનો વધ પણ એક પ્રકારનો ક્રૌંચવધ જ હતો. કૈકેયીએ માંગેલા બે વચનો થકી રાજા દશરથનું મૃત્યુ થયું. દશરથના મૃત્યુને કારણે કૈકેયી સહિત અન્ય બે રાણીઓ કૌશલ્યા અને સુમિત્રાને પોતાના પતિ ગુમાવવાની વણનોતરી પીડા ભોગવવી પડી. કૌશલ્યા અને સુમિત્રાનું આક્રંદ સાંભળનાર એ સમયે કદાચ કોઈ ન હતું.

રાણી કૈકેયીના બે વચન થકી લક્ષ્મણજી અને તેમના પત્ની ઊર્મિલાજી પણ વિખૂટા પડી ગયા. એ બંનેને કોઈ જ વાંક ગુના વિના ચૌદ વર્ષનો લાંબો કારમો વિરહ ભોગવવો પડ્યો. એ સમય દરમિયાન લક્ષ્મણજીને સાંત્વન આપનાર તો શ્રીરામ અને સીતાજી તેમની સાથે હતા પણ અયોધ્યામાં ઊર્મિલાજીનું મૌન આક્રંદ સાંભળનાર કોઈ જ ન હતું. કૈકેયી દ્વારા થયેલો આ પણ એક પ્રકારનો ક્રૌંચવધ જ હતો.

રામાયણના સમયથી માંડીને આજ સુધી આ પ્રકારના અનેક ક્રૌંચવધ થતાં આવ્યા છે જેનો સાક્ષી આપણો પુરાણકાળ છે, જેનો સાક્ષી આપણો ઈતિહાસ છે, જેનો સાક્ષી આપણો ભૂતકાળ છે, જેનો સાક્ષી આપણો વર્તમાન છે. આ પ્રકારના ક્રૌંચવધ ભવિષ્યમાં પણ અનેક લોકો દ્વારા થતાં જ રહેશે અને અનેક યુગલો પીડા ભોગવતા રહેશે જેના વિષે કોઈ બેમત નથી.

તમસા નદીને કિનારે શિકારીએ પોતાના તીર દ્વારા કુંજલ પક્ષીનો વધ કર્યો હતો અને યુગલપક્ષીને વિખૂટા પાડ્યા હતા અને રાણી કૈકેયીએ પોતાના વચનો દ્વારા. લોકોના આ પ્રકારના વર્તન થકી રોજ-બ-રોજ અનેક યુગલો ખંડીત થતાં રહે છે. લોકોના વ્યવહાર અને વર્તન થકી માત્ર યુગલો જ ખંડીત નથી થતાં, તેઓનું લગ્ન જીવન, તેઓનું કુટુંબ, તેઓનું સામાજિક જીવન અને સાથે સાથે સમાજ પણ ખંડીત થતો રહ્યો છે. પેલા કુંજપક્ષીના આક્રંદની જેમ ખંડીત થતાં યુગલો અને કુટુંબોના આક્રંદ ચારે દિશાઓને ચીરી રહ્યા છે પણ આપણાં બહેરા કાને તેનો અવાજ સાંભળતો નથી અને તેથી પડઘાતો પણ નથી.

(ક્રમશઃ)

બધી જ અતિરેક વ્યથાથી પૃથ્વી પ્રતિદિન પીડિત થઈ છે!

સમગ્ર વિશ્વના તમામ નાગરિકોને હવે જીવનમાં હરક્ષણ ડર અને ભય સતાવી રહ્યો છે કોઈ જગ્યાએ યુદ્ધના હુમલા થઈ રહ્યા છે તો ચીન જેવા દેશમાંતી કોરોના નામના જીવલેણ વાઈરસથી રોજ સેંકડો માનવી મૃત્યુના મુખમાં જઈ રહ્યા છે જેનો નક્કર ઈલાજ હજી શોધી શકાયો નથી !! વિશ્વનું તાપમાન અતિ અનિયમિત થઈ ચૂક્યું છે જંગલોની આગથી બહુધા દેશો આજ સુધીમાં ઘણું ગુમાવી ચૂકાય છે. માનવ સભ્યતા અને અસ્તિત્વને મુખ્યત્વે બે પ્રકારની પરેશાની નડી રહી છે જેમાં એક કુદરતી કારણોથી થતી હાનિ અને બીજું માનવ દ્વારા જ થતી પાશવી હરકતો, અન્યાય અને વેદનાઓ, ઈશ્વરની રચેલી આ સૃષ્ટિ કદી દુઃખો માટે બની જ નથી તેની અનુપમ કૃતિમાં વિકૃતિઓ ભરવાની બધી ચેષ્ટાઓ માણસોએ જ કરી છે એટલે જ પર્યાવરણ અસંતુલિત અને દુઃખદાયી કક્ષાએ પહોંચી ગયું છે. સભ્ય સમાજ કોને કહેવો એ જ સવાલ ઊભો થઈ ગયો છે કેમ કે હવે માહિતીઓ પુષ્કળ છે પણ અમલવારીની જબરી અછત સર્જાઈ છે. અજ્ઞાતનાને અપરાધ માનવામાં આવે છે પણ જ્ઞાન હોવા છતાં તેનું વ્યવહારું પ્રાગટ્ય શૂન્ય હોય તો કોના માટે અને કેવો અફસોસ કરવો ? જે લોકો દ્વારા આદર્શો વ્યક્ત થવા જોઈએ તેવા લોકો જ ઉમદા ઉપદેશો કદાચ ખૂબ જ ઉત્તમ રીતે આપી જાહેરમાં મોટી હસ્તી બને છે પરંતુ તેઓ તેના નીજી જીવનમાં બધી જ જાહોજલાલી અને વૈભવ આનંદથી માણે છે પછી સમાજ કયો બોધ તેમના જીવનમાં ઉતારશે ? સિનેસૃષ્ટિના કલાકારો, રમતજગતના ખ્યાતનામ રમતવીરો, ધાર્મિક કથાના સાધુ-સંતો કે કથાકારો વાસ્તવમાં અન્ય માટે પ્રેરણારુપ બનવા જોઈએ તેમ છતાં આ મુજબ થતું નથી ! સરસ્વતીનાં સહારે શ્રી સુધી પહોંચવાની જ માત્ર મંઝલ જેમની હોય તે પ્રજાને નક્કર સહાનુભૂતિ કે જીવનબળ પુરું પાડવામાં કોઈ યોગદાન આપતા હોય તેવું રહ્યું નથી કેમ કે નાણાંને નારાયણ કરતા વધુ મોટું સ્વરુપ કે મહત્ત્વ આપી દેવામાં આવ્યું છે તે આજના કલિયુગની સાચી કરુણતા વ્યાપકપણે દેખાય છે!

આર્થિક જે કોઈ પ્રશ્નો ઊભા થયાં ત્યાં પણ બધો અતિરેક છે જેમ કે આબાદી સતત વધતી જાય છે. ૨૦૨૮ બાદ ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ થઈ જશે તો બીજી તરફ પૃથ્વી જળસંકટ ભયાનક હદે વધી જવાની દહેશત છે. ભારતની ૭૦ ટકા નદીઓના જળ વિકૃત થઈ ગયા છે અને ગ્રામ્ય વસ્તી પાસે પીવાલાયક જળ ઉપલબ્ધ નથી. ઋતુઓ પોતાનો રુત્બો બદલીને ચાલે છે. હિમછીલાઓ ઓગળતી જ જાય છે ! ખાવાપીવાની અને આહારની ચીજો ભયાનક રીતે ભેળસેળથી વિકૃત કરી નાંખી છે બધા જ લોકો વાસ્તવમાં પ્રતિદિન ઝેરી કેમિકલ પોતાના પેટમાં નાંખી રહ્યા છે. શું આ માનવ જાત પ્રત્યે અપરાધ નથી ? માનવ વસ્તી વધી એટલે માણસનું મૂલ્ય ઘટી ગયું. નૈતિકતા કે ઈન્સાનિયત તદ્દન લુપ્ત થઈ થોભો અને જરા વિચારો કે આપણે કયાં જઈ રહ્યા છીએ અને શા માટે આવું જીવન જીવીએ છીએ ? સદાચાર અતિ દુષ્કર થઈ ગયો અને ભ્રષ્ટાચાર મુળ આધાર બની ગયો છે એટલે સંવેદના મરી ગઈ છે અને વેદના વાંચવા કોઈ તૈયાર નથી. હસ્ત મેળાપ થાય છે ઘણા પરંતુ હૃદય મેળાપ થતા જ નથી એટલે સ્નેહનું ઘર રચાતું નથી અને મકાન માત્ર ઈમારત તરીકે રહે છે. તેથી જીવન અમૃત ગાયબ થયું છે. સંબંધોની ગરિમા નષ્ઠ થઈ કેમ કે સામિપ્યમાં અતિરેક થઈ રહ્યો છે. જેમાથી આડા-ઊભા-વાંકા-ત્રાંસા સંબંધો પુષ્કળ રચાઈ જાય છે અને બધા માત્ર ભ્રમમાં જીવન વેંઢારે છે, જીવતા નથી!! જે ખરા અર્થમાં કર્મને સમજે છે તેને કોઈ ધર્મ સમજવાની જરૂર નથી. સાચી શ્રદ્ધાને સમાજે નર્યા રુક્ષ તળાવમાં ડુબાડી દીધા છે. જન્મ અને મૃત્યુ વચ્ચે પ્રાપ્ત થયેલા વર્ષોને ખરા અર્થમાં જીવવાના હોય, અન્યના કાજે ત્યાગવાનું કે જતું કરવાનું પણ હોય એ સાવ ભૂલી જવાયું છે. રાજકારણ માત્ર દરેક બાબતમાં કોઈ ઉપચાર નથી હોતો છતાં લોકો તેમાં ડૂબેલા રહે છે. તેથી સામાજિક ઐક્યને જબરો ધક્કો લાગે છે. સરકારશ્રી તેનું કર્તવ્ય પ્રામાણિકતાથી નિભાવે ત્યારે નાગરિકોએ સ્વયંનો ધર્મ અવશ્ય નિભાવવો પડે તો જીવનમાં વસંત ઉત્સવ જરૂર અનુભવી શકાય !

મળે એટલો માણી લો
આ એકમેકનો સાથ
ઝાકળ જેટલું જીવન આપણું
ઝાકળ જેટલી રાત

જીવનનું મૂલ્ય એટલે શું ? એ વિશે ચિંતન કરવાની કોઈ પાસે ફુરસદ નથી કેમ કે ભૌતિકતા અને ભોગવાદના ચક્ર ઉપર જીવન ચાલી રહ્યું છે. જેમાં લાલચ, મોહ, કામ, ક્રોધ, દગો વગેરેનું જબરુ પ્રભુત્વ છે અને ઈન્ટરનેટ ઉપકરણો ઉમેરાઈ જતા દુનિયા આખી ખુલ્લી થઈ ચૂકી માટે નારી ઉત્પીડન, શોષણ, બળાત્કાર વગેરે બંધ થતા નથી એ આપણે સ્વીકારવું જ પડે તેમ છે! અતિરેક જીવનમાં ઝેરનું કામ કરે છે. વધુ પડતી અપેક્ષા, વધુ પડતા બન જરૂરી ખર્ચા, વિવાદ, વાસના, ચર્ચાઓ, માન્યતાઓ, કટ્ટરતા આ બધાથી જીવન જીવવાનો ઉમંગ નષ્ઠ થઈ જાય છે. એક સુંદર શૅર છે -

વાંસળીની ફૂંકમાં શ્વાસ છે ?
એ ઉપર નીચે થતો અહેસાસ છે.

આપણા દેશમાં નિવેદનબાજી ને વાણી સ્વાતંત્ર્ય હક્ક ગણીને બહુ જ અરુચિકર સ્થિતિ પેદા કરવામાં આવી છે તે પણ અતિરેક છે. સાચા-ખોટાનો ભેદ દરેક વ્યક્તિનો આત્મા જાણે છે. કસોટી તો મનને સમજાવવામાં ઊભી થાય છે. મધુર જીવનની ચાલો પસંદગી કરીએ -

અધૂરી વાત અહીં પૂરી કરીએ
ચાલો આપણે ફરીથી પ્રેમ કરીએ.

શેર આસ્વાદ :
લિખતે હૈ ઉન્હી કે લિએ
જિન્હો ને હમે પઢા હી નહીં